**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૩ નવેંબર ૨૦૦૮**

## ભાજપ નેતા અને માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈકે ૩ નવેંબર ૨૦૦૮ ના મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

### *જનસંપર્ક માટે રામ નાઈકની વેબસાઈટ કાર્યાન્વિત*

**મુંબઈ,સોમવાર :** રાજકારણના માધ્યમે કામ કરનારો કાર્યકર્તા જનતાને કાયમ ઉપલબ્ધ હોવો જોઈએ એ ભૂમિકાએ આધુનિક સમયને અનુરૂપ ત્વરીત જનસંપર્ક માટે ભાજપ નેતા અને માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં **www.ramnaik.com** આ મુજબની પોતાની વેબસાઈટ કાર્યાન્વિત કરી હતી.

આ સંદર્ભે પોતાની ભૂમિકા રજૂ કરતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે," જનપ્રતિનિધી - જનસેવક તરીકે ત્રણ દાયકાથીયે વધૂ સમય કામ કરતી વેળાં જનતા સાથે સીધો સંપર્ક સાધવા માટે મેં સતત જાગરૂક રહેવાનો પ્રયત્ન કર્યો છે.જનસંપર્ક કાર્યાલય , વાર્ષિક અહેવાલ અને વિવિધ રાજકીય - સામાજીક કાર્યક્રમો ના મારફત હું જનતાને ઉપલબ્ધ રહું તેવો પ્રયત્ન કરેલ છે. હવે સમય બદલાયો છે.એકતરફ અનેક અડચણો ને કારણે પ્રત્યક્ષ સંપર્ક કરવો શકય નથી બનતો, છતાંયે ઈંટરનેટ ની મારફત લોકો એકબીજા સાથે સતત સંપર્ક માં રહેવાનો પ્રયત્ન કરતાં હોય છે.વ્યકિતગત સગવડ ના સમય પ્રમાણે આ સંપર્ક રાખી શકાય છે.તેથી જ મેં આ પૂરક સાધન તરીકે વેબસાઇટની મારફત હવે નાગરિકો સાથે સંવાદ સાધવાનો નિર્ણય લીધો છે."

શ્રી રામ નાઈકની વેબસાઇટ બદલ માહિતી આપતાં ભાજપ-મહારાષ્ટ્ર ના માહિતી અને તંત્રજ્ઞાન વિભાગના સંયોજક શ્રી વિનીત ગોયંકા એ કહ્યું હતું કે," ગુણવત્તાની દ્રષ્ટિએ ઇતર રાજકીય નેતાઓની વેબ સાઈટ સાથે તુલના કરવા જેવી આ વેબ સાઈટ છે.શ્રી રામ નાઇકની વેબસાઈટનું સહુથી મહત્વનું વિશિષ્ટ પાસુ એ છે કે વેબસાઈટની મુલાકાત લેનારની એક દ્રષ્યશ્રાવ્યપટ્ટી દ્વારા પોતે શ્રી રામ નાઇક સ્વાગત કરે છે.એટલુંજ નહીં પણ હીંદી અને અંગ્રેજી બંન્ને ભાષામાં આ સ્વાગત છે.પ્રારંભે ફકત અંગ્રેજી એકજ ઈંટરનેટ ની ભાષા હતી.પરંતુ હવે જૂદીજૂદી ભાષાઓ દ્વારા પણ ઈંટરનેટ પર સંવાદ સાધી શકાય છે એ ધ્યાનમાં રાખી હિંદી,મરાઠી,ગુજરાતીનો પણ અમુક જગ્યાએ અંગ્રેજી જેવો જ પ્રભાવીપણે ઉપયોગ કરી શકાય છે."

શ્રી રામ નાઈકની પ્રદીર્ઘ રાજકીય - સામાજીક કારકીર્દી નું ચિત્રમય આકલન આ વેબસાઈટ દ્વારા લઈ શકાશે.સંસદમાં વંદેમાતરમ્ ગીત નો પ્રારંભ,બોમ્બે - બંબઇ ની બદલે મુંબઇ,સાંસદ નિધી,સ્તનપાન પ્રોત્સાહક વિધેયક,કુષ્ઠપીડિતો માટે રાજયસભામાં વિનંતી અર્જી વગેરે શ્રી રામ નાઈકે કરેલ વિશેષ મહત્વના કામોની પણ આમાં સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવી છે.એટલુંજ નહીં તો સમયાંતરે શ્રી રામ નાઈકે પ્રસિધ્ધ કરેલ પુસ્તકોમાંના અમુક મહત્વના પુસ્તકો, વાર્ષિક અહેવાલ વેબસાઈટ પર વાંચી શકાશે,અને અમુક પુસ્તકો માગણી મુજબ ઊપલબ્ધ કરી શકાશે.

આ વેબસાઈટ ના માધ્યમે શ્રી રામ નાઈકની માહિતી તો મળશેજ પણ તેની સાથેજ ભારતીય જનતા પક્ષની સ્થાપનાથી માંડી અનેક ઘટનાઓની તવારિખ પણ મળી રહેશે.ભારતીય જનસંઘ,કટોકટી બાદનાં જનતા પાર્ટી ના કાર્યક્રમોના તેમજ રેલ્વે,ગૃહ,પેટ્રોલિયમ ખાતાઓના પ્રધાન તરીકે કરેલા કામોની માહિતી પણ આમાં છે.મહાનુભાવો ના દુર્લભ ચિત્રો જેમ આ વેબસાઈટ પર છે તેમજ પોતે શ્રી રામ નાઈકના દુર્લભ ચિત્રો પણ આમાં જોવા મળશે.દરેક ફોટાઓ એકેક રાજકીય - સામાજીક ઘટનાના સાક્ષીદાર હોવાથી તેની માહિતી પણ આપવામાં આવેલ છે.

ઉકત વેબસાઇટ કાયમ અપડેટ રાખવાનો પોતાનો સતત પ્રયત્ન રહેશે તેવું પણ શ્રી રામ નાઈકે પત્રકાર પરિષદમાં કહ્યું હતું.

**(કાર્યાલય સચિવ)**